જા.ન/પ્રાથમિક/RTE/૨૦૨૩-૨૪/ ૩૭૫-૭૬

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઈન્સ,સુરત
તા.૦૯/૦૧/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત મહાનગરપાલિકા વિસ્તારની તમામ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તરફ,
જિ-સુરત.

વિષય:- RTE -2009 અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં ધોરણ-૧ માં ૨૫ ટકા મફત પ્રવેશ આપવા માટેની કામગીરી બાબત.

મહાશય,

જયભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, બાળકોનાં મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ તથા બાળકોનાં મફત અને ફરજીયાત શિક્ષણ અધિકારનાં નિયમ-૨૦૧૨ ની જોગવાઈ હેઠળ નબળા અને વંચિત જુથનાં બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં ધોરણ-૧ માં ૨૫ ટકા મફત પ્રવેશ આપવા માટેની કામગીરી આપવા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા સંદર્ભે ખાનગી પ્રાથમિક શાળાઓની ચકાસણી કરી વેબપોર્ટલ પર માહિતી ભરવા તેમજ પ્રવેશ સબંધી આનુસાંગિક કામગીરી કરવા માટે સી.આર.સી કો-ઓર્ડીનેટરશ્રી વેરીફાયર તરીકે વેરીફીકેશન માટે શાળા પર આવે તે દરમિયાન જે તે શાળાનાં આચાર્યશ્રી દ્વારા સદર કામગીરીને પ્રથમ અગ્રતા આપવી તથા જરૂરી આધારો સાથે નીચે મુજબ ની માહિતી તૈયાર રાખવા જણાવવામાં આવે છે.

(૧) RTE હેઠળ શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યાની માહિતી (કુમાર/કન્યા, કેટેગરી વાઈઝ).

(૨) FRC દ્વારા નિયત થયેલ ફીનો અદ્યતન મંજુરી પત્ર.

(૩) CTS માંથી EXCEL FILE ડાઉનલોડ કરી RTE વાળા વિદ્યાર્થીનું લીસ્ટ તૈયાર કરવું.

(૪) લઘુમતી શાળા માટે લઘુમતી દરજ્જાનું પ્રમાણપત્ર(પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી/NCMEI, દિલ્લી દ્વારા શાળાને આપેલ પ્રમાણપત્ર).

(૫) બિડાણમાં સામેલ પત્રક ૧ થી ૯ ની માહિતી ભરી હાર્ડ કોપી તેમજ સોફ્ટ કોપીમાં તૈયાર કરવા.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લા-સુરત

બિડાણ:- એક્સેલ ફાઈલ (પત્રક ૧ થી ૯)

<u>નક્લ રવાના જાણ તથા અમલ સારુ.</u>
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,શાળા ક્રમાંક-૧૩૧, ગોપીપુરા,સુરત.